Registration No.: RCS/122/2012
Filing No.: RCS/122/2012
Filed On: 22/10/2012
Registered On : 22/10/2012

# દહેગામના મહે.સીવીલ જજ સાહેબની કોર્ટમાં, જી.ગાંધીનગર

## રે.દિ.મુ.નં.૧૨૨/૨૦૧૨.

## -: આંક-૫ લગત હુકમ :-

ચંદ્રકાન્ત એન.દેસાઈ
જીજે૦૦૯૯૫
તા.૧૯-૮-૨૦૧૪.

:૧: વાદીઓએ પ્રતિવાદીઓ વિરુઘ્ધ હાલનો દાવો લાવી આંક-૫ ની અરજીથી જણાવેલ છે કે વાદીઓની મોજે નાંદોલ તા.દહેગામની સીમમાં આવેલ બ્લોક/સ.નં.૨૬૮,૨૬૯,૨૭૦ વાળી જમીનોમાં ખેતીકામ માટે જવા આવવા માટે પગે ચાલીને તેમજ હળ,બળદ,ગાડુ,ટ્રેકટર વીગેરે લઈને જવા આવવાનો કાયમી વડીલો વખતથી પરાપુર્વથી રસ્તો અમો વાદીઓના ઘરેથી નીકળી નાંદોલ ગામની ભાગોળથી એસ.ટી.બસ સ્ટેન્ડ થઈ નાંદોલ થી દહેગામ જવાના રોડ ઉપર પ્રતિવાદી નં.૧,૨ ના માલીકીના બ્લોક નં.૨૬૫ ની ઉત્તર દીશાએ તેમજ પ્રતિવાદી નં.૩ ની માલીકીના બ્લોક નં.૨૬૪ તેમજ પ્રતિવાદી નં.૪ ની માલીકીના બ્લોક નં.૨૬૩ ની દક્ષીણ દીશાએ તેમજ બ્લોક નં.૨૬૬ ના દક્ષીણ શેઢે તેમજ બ્લોક નં.૨૬૭ ના ઉત્તર શેઢે પુર્વ-પશ્ચીમ રસ્તો તેવી રીતે કે અમો વાદીઓના વાહનનું એક વ્હીલ પ્રતિવાદી નં.૧,૨ ના બ્લોક નં.૨૬૫ માં અને એક વ્હીલ પ્ર .વાદી નં.૩,૪ ના બ્લોક નં.૨૬૩,૨૬૪ માં એક વ્હીલ રહે અને તે રીતે આવવા જવાનો તે રીતે દશ ફુટ પહોળાઈનો અમો વાદીઓનો કાયમી રસ્તો આવેલો છે તે રસ્તેથી આ કામના -પ્રતિવાદીઓ કે તેમના એજન્ટો અમો વાદીઓના ખેતરોમાં ખેતી કામ કરવા માટે જતા આવતા હરકત,હેલો,અડચણ,અટકાયત

કે રુકાવટ કે કોઈ પણ પ્રકારનું બાંધકામ કરે કરાવે નહી તે સારુ પ્રતિવાદીઓ વીરુધ્ધ કામચલાઉ મનાઈ હુકમ આપવા તથા યોગ્ય લાગે તેવી હરેક દાદ વાદીઓની તરફેણમાં આપવા તથા તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા હાલના દાવાનું કારણ ઉપસ્થીત થતા આ દાવો લાવી આંક–૫ ની અરજીથી મનાઈ હુકમ મેળવવા હાલની આ દાદ માંગેલ છે.

:૨: પ્રતિવાદીઓને આ કામે નોટીસ સમન્સની ધોરણસરની બજવણી કરતા નોટીસ ધોરણસરની બજતા પ્રતિવાદી નં.૧,૨ નાઓ તેમના વકિલશ્રી મારફતે હાજર થયેલ છે,જયારે પ્રતિવાદી નં.૪,૫ નાઓ હાજર થયા બાદ સદર દાવાના કામે કોઈ જવાબ આપેલ નથી. જયારે પ્રતિવાદી નં.૩,૬,૭ તરફે તા.૩–૫–૨૦૧૩ ના રોજ એકતરફી કામ આગળ ચલાવવાનો હુકમ કરેલ છે.

:૩: સદર દાવાના કામે પ્રતિવાદી નં.૧,૨ નાઓના જવાબનો હકક તા.૧૨–૪–૨૦૧૩ ના રોજ બંધ કરેલ છે. જયારે પ્રતિવાદી નં.૪,૫ નાઓનો જવાબનો હકક તા.૩–૫–૨૦૧૩ નારોજ બંધ કરેલ છે.

:૪: આ કામે આંક–૫ ની અરજીના સમર્થનમાં વાદીઓ તર્ફે લીસ્ટથી ની.૩/૧ થી ૩/૯ સુધીના લીસ્ટથી રજુ કરેલા તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.

:૫: આ કામે વાદીઓ તર્ફે તેમના વિ.વકિલશ્રીની દલીલો સાંભળી તથા પ્રતિવાદીઓ નં.૧,૨ ના વકિલશ્રીની દલીલો સાંભળી તથા રજુ કરેલ દસ્તાવેજી તમામ પુરાવાઓ વંચાણે લીધા.

:૬: આ કામે અરજીના નિર્ણય સબબ નીચેના મુદાઓ ઉપસ્થીત થાય છે.

–: <u>મુદ્દા</u> :–

:૧: શું વાદીઓ સાબીત કરે છે કે,–વાદીનો પ્રથમ દર્શીનચ કેસ છે ?

:૨: શું વીઓ સાબીત કરે છે કે, સગવડતા – અગવડતાની સમતુલા વાદીઓની તરફેણમાં છે ?

:૩: શું વાદીઓ સાબીત કરે છે કે,–વાદીઓને જોમનાઈ હુકમ આપવામાં ન આવે તો નાંણા માં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવા સંભવ રહેલો છે ?

:૪: શું હુકમ ?

:૭: ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

:૧: નકારમાં.
:૨: નકારમાં.
:૩: નકારમાં.
:૪: આખરી હુકમ મુજબ.

:૮: –: **<u>કા ર ણો</u>** :–

**<u>મુદ્દા નં.૧ થી ૩:–</u>**સદર મુદ્દાઓની ચર્ચા સરળતા ખાતર પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી એકસાથે ભેગી ચર્ચા કરવામાં આવેલ છે.

વાદીઓએ તેમના દાવા તથા મનાઈ અરજીના સમર્થનમાં ની.૩/૧ થી લઈને ની.૩/૮ સુધીના રેવન્યુ રેકર્ડની નકલો રજુ કરેલ છે. જે પૈકી ની.૩/૬ જોવામાં આવે તો તેમા સ.નં.૨૬૩ ગામ

નાંદોલ,તા.દહેગામ જી.ગાંધીનગર લખેલાનું જણાય છે. અને કબજેદારની કોલમમાં શીવાભાઈ હીરાભાઈ તથા અન્ય ના નામો હોવાનું જણાય છે. જયારે ની.૩/૭ જોવામાં આવે તો તે સ.નં.૨૬૯ ગામ નાંદોલ,તા.દહેગામ જી.ગાંધીનગર છે તેમા કબજેદારના કોલમમાં હરીભાઈ નાથાભાઈ પટેલનું નામ જણાય છે. જેથી સદર દાવાના કામે વાદીઓના નામે સ.નં.૨૬૮ ,૨૬૯ ચાલતી હોવાનું જણાય છે. જયારે ની.૩/૧,૩/૫ વાળા દસ્તાવેજો કે જે રવન્યુ રેકર્ડ છે તે જોત સ.નં.૨૬૫,૨૬૩,૨૬૪,૨૬૭-૨૬૯ ના સર્વે નંબરો પ્રતિવાદીઓ તથા ૭/૧૨ માંજણાવેલ અન્ય વ્યકિતઓના નામે હોવાનું જણાય છે. જયારે ની.૩/૯ જોવામાં આવે તો તે વાદીઓએ હાથથી દોરેલ દાવાવાળી જગ્યામાં આવેલ રસ્તાનો નકશો છે. વાદીઓએ તેમની દાવા અરજી મનાઈ અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે,સદર રસ્તાનો હકક અમે ૨૦ વર્ષથી એટલે કે ૧૦૦ વર્ષ ઉપરાંતથી સતત પ્રતિવાદીઓ પ્ર ીડીશેશર,ઈનટાઈટલ અને પ્રતિવાદીઓની જાણમાં વાપર ઉપયોગ ઉપભોગ કરતા આવેલ હોઈ સદર રસ્તાનો હકક અમોને પ્રીસ્કીપ્શનથી મળેલ છે તેવી હકીકત જણાવેલ છે. જયારે વાદીઓએ માંગેલ મનાઈ હુકમ અરજીની દાદ જોવામાં આવે તો વાદીઓની મોજે નાંદોલ તા.દહેગામની સીમમાં આવેલ બ્લોક/સ.નં.૨૬૮,૨૬૯,૨૭૦ વાળી જમીનોમાં ખેતીકામ માટે જવા આવવા માટે પગે ચાલીને તેમજ હળ,બળદ,ગાડુ,ટ્રેકટર વીગેરે લઈને જવા આવવાનો કાયમી વડીલો વખતથી પરાપુર્વથી રસ્તો અમો વાદીઓના ઘરેથી નીકળી નાંદોલ ગામની ભાગોળથી એસ.ટી.બસ સ્ટેન્ડ થઈ નાંદોલ થી દહેગામ જવાના રોડ ઉપર પ્ર.વાદી નં.૧,૨ ના માલીકીના બ્લોક નં.૨૬૫ ની ઉત્તર દીશાએ તેમજ પ્ર.વાદી નં.૩ ની માલીકીના બ્લોક નં.૨૬૪ તેમજ પ્રતિવાદી નં.૪ ની માલીકીના બ્લોક નં.૨૬૩ ની દક્ષીણ દીશાએ તેમજ બ્લોક નં.૨૬૬ ના દક્ષીણ શેઢે તેમજ બ્લોક નં.૨૬૭ ના ઉત્તર શેઢે

પુર્વ- પશ્ચીમ રસ્તો તેવી રીતે કે અમો વાદીઓના વાહનનું એક વ્હીલ પ્રતિવાદી નં.૧,૨ ના બ્લોક નં.૨૬૫ માં અને એક વ્હીલ પ્રતિવાદી

નં.૩,૪ ના બ્લોક નં.૨૬૩,૨૬૪ માં એક વ્હીલ રહે અને તે રીતે આવવા જવાનો તે રીતે દશ ફુટ પહોળાઈનો અમો વાદીઓનો કાયમી રસ્તો આવેલો છે તે રસ્તેથી આ કામના પ્રતિવાદીઓ કે તેમના એજન્ટો અમો વાદીઓના ખેતરોમાં ખેતી કામ કરવા માટે જતા આવતા હરકત,હેલો,અડચણ,અટકાયત કે રુકાવટ કે કોઈ પણ પ્રકારનું બાંધકામ કરે કરાવે નહી તે સારુ પ્રતિવાદીઓ વીરુધ્ધ કામચલાઉ મનાઈ હુકમ આપવા તથા યોગ્ય લાગે તેવી હરેક દાદ વાદીઓની તરફેણમાં આપવા તથા તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા આંક–પ ની અરજીથી મનાઈ હુકમ મેળવવા હાલની આ દાદ માંગેલ છે.

:૯: આમ વાદીઓએ માંગેલ દાદ જોવામાં આવે તો વાદીઓએ દાવાવાળી જગ્યા ઉપર ૧૦ ફુટ પહોળાઈ વાળો રસ્તો આવેલાની હકીકત જણાવેલ છે. પરંતુ તે બતાવવા માટે વાદીઓએ કોઈ પણ પ્રકારનું પંચનામુ કરાવેલ નથી. કે કોઈ સાહેદોના સોગંદનામા પણ રજુ કરેલા નથી. જેથી સદર દાવાવાળી જગ્યા ઉપર ૧૦ ફુટના રસ્તાની શું પરીસ્થીતી છે તે હાલના તબકકે સ્ પષ્ટ થઈ શકે તેવો કોઈ પુરાવો વાદીઓએ રજુ કરેલ નથી.

:૧૦:આમ સમગ્ર હકીકતો ધ્યાને રાખતા તેમજ વાદીઓએ રજુ કરેલ પુરાવા ધ્યાને રાખતા વાદીઓનો કોઈ પ્રથમ દર્શનિય કેસ હોય તેવું સ્પષ્ટ પણે જણાતું નથી. વધુમાં સદર દાવાના કામે પુરાવો લીધા બાદ જ ચોકકસ તારણ ઉપર પહોંચી શકાય તેવુ જણાય છે. તથા સગવડતા અગવડતાની સમતુલ્લાની દાંડી પણ વાદીઓની તરફેણમાં હોય તેવુ પણ જણાતું નથી. તથા હાલના તબકકે નાંણામાં વળી ના શકે તેવુ નુકશાન હાલ પુરતુ કોઈને પણ જવાની શકયતા જણાતી નથી. આમ આ કામે મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ તે રીતે નકરારમાં આપી મુદ્દા નં.૪ પરત્વે નીચેનો હુકમ કરવામાં આવે છે.

–: **હુ ક મ** :–

વાદીઓની હાલની અંક–૫ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે હાલ કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.દહેગામ

તા.૧૯–૮–૨૦૧૪. ( ચંદ્રકાન્ત એન.દેસાઈ )

**જીજે૦૦૯૯૫**

પ્રિન્સીપાલ સીવીલ જજ દહેગામ